# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## AHD - JAL YATRA

આજે ભગવાન જગન્નાથની 147 મી રથયાત્રા અંતર્ગત તેના પ્રથમ પગલે પરંપરાગત રીતે આજે જમાલપુર જગન્નાથજી મંદિર ખાતેથી જળયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ જળયાત્રા દ્વારા સાબરમતી નદીનાં સોમનાથ ભૂદરના આરેથી 108 કળશોમાં જળ લાવી ભગવાન જગન્નાથજીનો મંદિર ખાતે જળા અભિષેક કરવામાં આવ્યો.

આજથી રથયાત્રાના પ્રથમ ચરણનો પ્રારંભ થયો છે. આવનારા દિવસોમાં ભગવાનને મોસાળુ ધરાવવામાં આવશે, ત્યારબાદ ભગવાન મોસાળમાં જશે. ત્યારબાદ આંખે પાટા બાંધવામાં આવશે અને સાત જુલાઈએ અષાઢ સુદ બીજના દિવસે રંગે ચંગે  ભગવાન જગન્નાથ, બેન સુભદ્રા અને ભાઈ બલરામ સાથે અમદાવાદ શહેરની નગર પરિક્રમાએ નીકળશે. આજના આ અવસરે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સંતો સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

----------------

## SHAMLAJI DARSHAN

આજે જેઠ માસની પૂર્ણિમા છે ત્યારે યાત્રાધામ શામળાજી માં વહેલી સવારથી જ ભક્તો નું ઘોડાપુર જોવા મળ્યુ હતું.. શામળાજીના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા હતા.. આજે ભગવાન શામળિયાને

ખાસ કારીગરો દ્વારા તૈયાર કરાવાયેલા મલમલના વાઘા પહેરાવવા માં આવ્યા છે ભગવાનને સુવર્ણના આભૂષણોનો શણગાર કરવામાં આવ્યો છે. ભગવાન વિષ્ણુ ને શંખ ચક્ર ગદા અને ગળા માં સોનાની વનમાળાથી ભગવાન શામળિયા ઝળહળી રહ્યા છે ત્યારે હજારો ભક્તો પણ શામળિયામય બનીને શણગાર આરતીનો લાભ લીધો હતો..સમગ્ર મંદિર પરિસર ભગવાન શામળિયાના જયજયકાર સાથે ગુંજી ઉઠ્યું છે.

................................

## FOOD ISSUE

તાજેતરમાં હોટલ અને રેસ્ટોરાંઓના ખોરાકમાંથી જીવ જંતુઓ , ઉંદર અને દેડકા નિકળવાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યાં છે..

આવા વધતા કિસ્સાઓને ધ્યાનમાં રાખીને રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન વિભાગના કમિશ્નર ડો.હેમંત કોશિયા દ્વારા અખબારી યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે કોઇ ગ્રાહક હોટલ અને રેસ્ટોરામાં જમવા જાય ત્યારે તેના રસોડા અને સાફસફાઇની પણ ચકાસણી કરી શકે છે.. તેમજ જે ખોરાક આવે તેની ચકાસણી કરીને જ તેને આરોગવાની સલાહ આપવામાં આવી છે.. આવા જો અખાદ્ય ખોરાક આવે તો કોર્પોરેશન, નગરપાલિકા અને જીલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રને જાણ કરી શકે છે.. જોકે હોટલ અને રેસ્ટોરાં સંચાલકોને પણ સાફ સફાઇ અને રસોડાની સ્વચ્છતા રાખવા માટે તાકિદ કરવામાં આવી છે. જો

તેમાં શરતચૂક થશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમ પણ અખબારી યાદીમાં જણાવાયું છે..

.................

## WEATHER

આજે દિવસ દરમિયાન રાજ્યાના કેટલાકં જીલ્લાઓંમાં છુટાછવાયા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલી આગાહી અનુસાર દિવસ દરમિયાન વલસાડ તેમજ દાદરાનગર હવેલીમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ વરસી શકે છે.. જ્યારે આવતીકાલે પણ 23મી જૂનના રોજ સૌરાષ્ટ્રના જૂનાગઢ, ભાવનગર અને અમરેલીમાં તેમજ દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, તાપી અને નર્મદામાં છુટા છવાયા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.જ્યારે ગીર સોમનાથ, નવસારી, વલસાડ અને ડાંગમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે..

--------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ

એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

………………………………

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાની અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આ માટે લોકો ટોલ ફ્રીનંબર 1800-11-7800 પર તેમના વિચારો અને સૂચનો 28 મી તારીખ સુધીમાં નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા મોકલી શકશે. મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી મન કી બાતના હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનું જીવંત પ્રસારણ કરશે.

-----------------

# FREE MEGA EYE DIAGNOSIS CAMP

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આગામી તારીખ 29 અને 30 જૂને નિશુલ્ક મેગા નેત્ર નિદાન કેમ્પનું સોમનાથ ખાતે આયોજન કરાશે. અમદાવાદ અસારવા ખાતેની એમ.એન્ડ જે.ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થલ્મોલોજી ના નિષ્ણાત તબીબો નિઃશુલ્ક નિદાન અને ઓપરેશન કરશે. આ કેમ્પનો લાભ લઈને લોકો આંખને લગતા તમામ પ્રકારના રોગોનું નિદાન નિશુલ્ક કરાવી શકશે.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે ઓપરેશન કરાવવા માટે અમદાવાદ ખાતેની હોસ્પિટલ સુધી જવા-આવવાનું બસ ભાડું પણ દર્દી અને તેની સાથેના એક વ્યક્તિ એમ બે વ્યક્તિ માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવશે. આ નિદાન કેમ્પમાં ભાગ લેવા ટેલીફોનીક નોંધણી પ્રક્રિયા  પણ શરૂ કરાઇ છે.

-------------